

## ભરૂચ સહિત પાંચ જિલ્લાની કોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી

**ડોગ**-બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડે ઘટના સ્થળે દોડી આવી તપાસ આદરી

ભરૂચઃ ગુજરાતમાં સરકારી સંસ્થાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. ભરૂચ કોર્ટ સહિત સુરતની ડિસ્ટ્રિક્ટ કોર્ટ, લાલ દરવાજા સ્થિત અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ રાજકોટ અને આણંદની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈમેલ મળતાં ભારે ખળભળાટ મચી ગયો છે. સોમવારે મોડી રાત્રે અજાણ્યા શખ્સ દ્વારા સુરત અને અમદાવાદ કોર્ટના ઓફિશિયલ આઈડી પર મેઈલ કરીને આખા બિલ્ડિંગને RDXથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ ધમકીને ગંભીરતાથી લઈને ભરૂચ સહિત તમામ કોર્ટમાં ન્યાયિક કામગીરી અટકાવી ડોગ અને બોમ્બ ડિસ્પોઝલ ટીમની મદદથી ઝીણવટભરી તપાસ કરાઈ રહી છે.

ભરૂચ કોર્ટ સંકુલમાંથી વહીવટી તંત્ર દ્વારા વકીલો, સ્ટાફ અને અસીલોને સલામત રીતે પરિસરની બહાર ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ ભરૂચ પોલીસ SP અક્ષયરાજ મકવાણા સહિત SOGના અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. હાલ BDDS બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા પાર્કિંગ, કેન્ટીન અને દરેક માળ પર ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ હતી. જો કે, પ્રાથમિક તપાસમાં હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી. ભરૂચ બાર એસોસિએશનના પ્રમુખ પ્રદ્યુમનસિંહ સિંધાએ જણાવ્યું હતું કે, ભરૂચ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સવારે કોઈ અજાણ્યા ઇસમે ઈ-મેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ડિસ્ટ્રિક્ટ જજે અમને જણાવતાં અમે તમામ એડ્વોકેટ પરિસર ખાલી કરી દીધું છે. સાથે પક્ષકારોએ જ્યાં સુધી સૂચના ન મળે ત્યાં સુધી પરિસરમાં ન જવા અપીલ કરી છે.

# મોટા બોરસરા-નવાપરા GIDCની મિલોમાંથી પ્રદૂષિત પાણી છોડાયું

**વરસાદી** પાણીના નિકાલ માટે બનાવાયેલી ગટરો દ્વારા પ્રદૂષિત પાણીનો જાહેરમાં કીમ નદીમાં નિકાલ, છતાં તંત્ર બેફિકર


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ મોટા બોરસરા અને નવાપરા GIDC વિસ્તારમાં આવેલી નાની-મોટી ફેક્ટરીઓ દ્વારા ફેલાવવામાં આવતું પ્રદૂષણ હવે સ્થાનિકો માટે માથાનો દુખાવો બની ગયું છે. આ વિસ્તારમાં કેટલીક ફેક્ટરીઓ દ્વારા જાહેર રોડની બાજુમાં આવેલી વરસાદી ગટરોમાં બેફામ રીતે પ્રદૂષિત પાણી છોડવામાં આવી રહ્યું છે. આ ઝેરી પાણી ગટરો મારફતે સીધું કીમ નદીમાં ઠલવાઈ રહ્યું છે, છતાં તંત્રની ઘોર બેદરકારીને કારણે જનતાનું જીવન જોખમમાં મુકાયું છે.

ઔદ્યોગિક વિસ્તાર તરીકે પ્રચલિત આ ક્ષેત્રમાં વિકાસ અને રોજગારીની વાતો તો ખૂબ થાય છે, પરંતુ તેની ભારે કિંમત પર્યાવરણ અને માનવ આરોગ્ય ચૂકવી રહ્યું છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ અનેક ઉદ્યોગોમાંથી રાસાયણિક કચરો અને લાલ રંગનું (લોહી જેવા રંગનું) દૂષિત પાણી વરસાદી ગટરોમાં છોડવામાં આવે છે. આ ઝેરી પ્રવાહને કારણે એક સમયે કાંઠાનાં ગામો માટે જીવાદોરી સમાન ગણાતી કીમ નદી આજે 'ડેથ રિવર'માં ફેરવાઈ ગઈ છે.

નદીનું પાણી હવે પીવા કે સિંચાઈ માટે લાયક રહ્યું નથી. પ્રદૂષણને કારણે ભૂગર્ભ જળસ્તર પણ ઝેરી બની રહ્યા છે, જેનાથી ખેડૂતોની ફળદ્રુપ જમીન બિન-ઉપજાઉ બનવાની ભીતિ સેવાઈ રહી છે. લોકોમાં એવો પણ રોષ છે કે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) અને સ્થાનિક વહીવટી તંત્ર મૌન રહીને ઉદ્યોગોને પ્રોત્સાહન આપી રહ્યું છે.

સરકાર દ્વારા કરોડોના ખર્ચે ગટર યોજના બનાવી ઉદ્યોગોને કેમિકલયુક્ત પાણી છોડવાનો પરોક્ષ પરવાનો અપાયો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. જો સમયસર કડક પગલાં નહીં લેવાય, તો માંગરોળ તાલુકો પણ અંકલેશ્વર જેવો અતિ પ્રદૂષિત વિસ્તાર બની જશે તેવી ચેતવણી સ્થાનિકોએ આપી છે.

## મોતાલી પાસે રસ્તો ઓળંગતા મોર્યા દંપતીનું ટેમ્પો અડફેટે મોત

**બીજી** ઘટનામાં ગડખોલ ખાતે બાઈક ચાલકનું અકસ્માત મોત

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં બે અલગ-અલગ માર્ગ અકસ્માતોમાં કુલ ત્રણ લોકોનાં મોત થતાં વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

પ્રથમ બનાવમાં નેશનલ હાઈવે નં.48 પર આવેલ આઈ માતા હોટલ કમ્પાઉન્ડ પાસે પ્રીતિદેવી હરિલાલ મોર્યા અને તેમના પતિ હરિલાલ મોર્યા પોતાની પુત્રી કોમલ તથા બાળકો સાથે ઘર જવા માટે નીકળ્યાં હતાં. મોતાલી પાટિયા પાસે ભરૂચ તરફથી અંકલેશ્વર જતા માર્ગ પર રસ્તો ઓળંગવા ઊભાં હતાં. ત્યારે પૂરપાટ ઝડપે આવી રહેલા ટેમ્પોએ તેમને અડફેટે લીધાં હતાં.

આ અકસ્માતમાં પ્રીતિદેવી મોર્યાને ગંભીર ઈજા પહોંચતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તેમના પતિ હરિલાલ મોર્યાને ગંભીર હાલતમાં ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું પણ મોત થયું હતું. બીજા બનાવમાં ગત 28 ડિસેમ્બરના રોજ મનીષ પાંડે ગડખોલ ટી બ્રિજ પરથી બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે અજાણ્યા વાહન ચાલક તેમની બાઈકને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત મનીષ પાંડેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

### ગોવાલી પાસે વાહન અડફેટે વૃદ્ધનું મોત

ભરૂચ, ઝઘડિયાઃ ઝઘડિયાના ગોવાલી ગામે રહેતા સતીષ વસાવાના પિતા હરિભાઇ વિઠ્ઠલભાઈ વસાવા (ઉં.વ.60) છેલ્લા એકાદ વર્ષથી અસ્થિર મગજના થઇ ગયા હતા. તેઓ ગત તા.27મીના રોજ ઘરે કોઇને કંઇ કહ્યા વિના ઘરેથી નીકળી ગયા હતા. પરિજનોએ ભારે શોધખોળ બાદ ન મળ્યા હતા. ગત તા.5મીના રોજ ગોવાલી પાસે અકસ્માત થતા મૃતકનો ફોટો સોશ્યલ મીડિયા પર ફરતો થયો હતો. આથી તેઓ ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. ગત તા.4થીના રોજ રાત્રે અગિયાર વાગ્યે કોઈ અજાણ્યો વાહન ચાલક હરિભાઈને અડફેટે લઈ ભાગી ગયો હતો.

## ઝંખવાવના નિવૃત્ત શિક્ષકના ખાતામાંથી 1.99 લાખ ઉપડી ગયા

**ટ્રાફિક** ચલણના નામે સાયબર ઠગાઈ થતાં પોલીસ ફરિયાદ

વાંકલઃ ટેક્નોલોજીના જમાનામાં સાયબર અપરાધીઓ અવનવી પદ્ધતિઓ અપનાવીને નિર્દોષ લોકોને છેતરી રહ્યા છે. તાજેતરમાં સુરત ગ્રામ્યના ઝંખવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી જ એક ઘટના સામે આવી છે, જેમાં એક નિવૃત શિક્ષક ટ્રાફિક ચલણ ભરવાની લાલચમાં લાખો રૂપિયા ગુમાવી બેઠા છે.

ઝંખવાવ ગામની ગુરુજીનગર સોસાયટીમાં રહેતા ૫૮ વર્ષીય લલ્લુભાઈ જનાભાઈ ચૌધરી નિવૃત્ત જીવન ગુજારે છે. ગત તા.૧૪/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૮:૨૦ વાગ્યે તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર ૯૭૨૭૩૩૦૩૬૬ પરથી એક વોટ્સએપ મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં 'ટ્રાફિક ચલણ' નામની એક લિંક મોકલવામાં આવી હતી. લલ્લુભાઈએ આ લિંક ઓપન કરતાં તેમાં પિન કોડ માંગવામાં આવ્યો હતો. ટ્રાફિક દંડ હશે તેમ સમજી તેમણે છ આંકડાનો ઓટીપી/પિન એન્ટર કરી દીધો હતો.

આ પ્રક્રિયા કર્યાના બે દિવસ બાદ તા.૧૭/૧૨/૨૦૨૫ના રોજ જ્યારે તેમણે પોતાનું બેંક ઓફ બરોડાનું ખાતું ચેક કર્યું, ત્યારે તેમના હોશ ઊડી ગયા હતા. તપાસ કરતા જાણવા મળ્યું કે, તા.૧૬/૧૨/૨૦૨૫ના રોજ તેમના ખાતામાંથી રૂ.૯૯,૫૦૦ અને તા.૧૭/૧૨/૨૦૨૫ના રોજ ફરી રૂ.૯૯,૫૦૦ એમ બે તબક્કે કુલ રૂ.૧,૯૯,૦૦૦ ઉપાડી લેવામાં આવ્યા હતા. લિંક ઓપન કરવાના બહાને સાયબર ગઠિયાએ તેમના ખાતાની એક્સેસ મેળવી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી.

ભોગ બનનાર લલ્લુભાઈએ તાત્કાલિક સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ કર્યા બાદ ઝંખવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા ઇસમ વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૩૧૬(૨), ૩૧૮(૪) અને આઈ.ટી. એક્ટની કલમ ૬૬-સી, ૬૬-ડી હેઠળ ગુનો નોંધી તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે. આ કેસની વધુ તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર કિરણબા અજીતસિંહ જાડેજા ચલાવી રહ્યા છે.

## ગાડી ધીરે ચલાવવા કહેતાં યુવક ઉપર લાકડાના ફટકાથી હુમલો

**પીપોદરાની** વાલેશ્વર સોસાયટીમાં ઠપકો આપવાની અદાવત રાખી રાજા પાંડે અને તેના મિત્રોએ સુપરવાઈઝરના ભાઈને માર માર્યો

હથોડાઃ માંગરોળના પીપોદરા ગામે આવેલી વાલેશ્વર સોસાયટીમાં બાઈક ધીમે ચલાવવાનું કહેવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. સોસાયટીમાં રહેતા રાજા પાંડે અને તેના ત્રણ મિત્રોએ ભેગા મળી વિજયભાઈ ઉર્ફે મુન્ના પાલ નામના યુવક પર લાકડાના ફટકા વડે હુમલો કરી માથામાં ગંભીર ઈજા પહોંચાડી હતી. આ મામલે કોસંબા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

ઘટનાની વિગત મુજબ પીપોદરાની લિડીયાત રોડ પર આવેલા અયોદયા એપાર્ટમેન્ટમાં રહેતા ભરતભાઈ ઉદયરાજ પાલે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમનો મોટો ભાઈ વિજયભાઈ વાલેશ્વર સોસાયટીમાં રહે છે. જ્યાં સોસાયટીના ગેટ પાસે રાજા પાંડે અને તેના મિત્રોએ એક નાની બાળકીને બાઈક વડે ટક્કર મારી દીધી હતી. આ બાબતે વિજયભાઈએ તેમને ઠપકો આપ્યો હતો. જેનું મનદુઃખ રાખી ગઈકાલે સાંજે રાજા પાંડે અને તેના ત્રણ અજાણ્યા મિત્રો વિજયભાઈના ઘરે પહોંચ્યા હતા. આરોપીઓએ ગાળાગાળી કરી વિજયભાઈનો કોલર પકડી ઝપાઝપી કરી હતી અને તે દરમિયાન એક શખ્સે વિજયભાઈના માથામાં ફટકો મારી દીધો હતો.

હુમલાને પગલે વિજયભાઈ લોહીલુહાણ હાલતમાં નીચે ઢળી પડ્યા હતા. તેમની પત્ની અને ભરતભાઈની પત્ની છોડાવવા વચ્ચે પડતાં આરોપીઓએ તેમને પણ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત વિજયભાઈને તાત્કાલિક ૧૦૮ મારફતે સુરતની સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના માથામાં ચાર ટાંકા આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. હાલ પાલોદ આઉટ પોસ્ટના એ.એસ.આઈ. એમ.બી. પટેલ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલીના સરભોણ આશ્રમમાં નવનિર્મિત ગર્લ્સ હોસ્ટેલનું લોકાર્પણ કરાયું

બારડોલીઃ હળપતિ સેવા સંઘ બારડોલી સંચાલિત સરભોણ આશ્રમ કેમ્પસમાં સ્થાનિક એનઆરઆઇ દાતાઓ, જીએચ ભક્ત ફાઉન્ડેશન મહુવા, આઇએમ હ્યુમન કોર્પોરેશન બારડોલી, રેખાબેન મનહરભાઈ પટેલ, ભરતભાઇ વલ્લભભાઈ પટેલ, દિનેશભાઇ મનુભાઈ પટેલ અને હળપતિ સેવા સંઘ બારડોલી તેમજ અન્ય દાતાઓના સંયુક્ત સહયોગથી 32 લાખના ખર્ચે નવનિર્મિત ગર્લ્સ હોસ્ટેલ ભવનનો લોકાર્પણ વિધિનો કાર્યક્રમ દાતા સંજયભાઈ મનહરભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે હળપતિ સેવા સંઘના પ્રમુખ પ્રકાશભાઈ દેસાઇએ જણાવ્યું હતું કે, દાતાઓ શિક્ષણના યજ્ઞમાં અમારી સાથે હમેશા જોડાયેલા રહે છે. તેમના આ સહયોગ બદલ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સંજયભાઈ પટેલે પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ દેસાઇને યાદ કરી હળપતિ સેવા સંઘની કામગીરીને બિરદાવી હતી. તેમણે કેમ્પસની સફાઈ અને સ્વચ્છતા પર ભાર મુકતા આ જવાબદારી સ્થાનિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓની હોવાનું જણાવ્યુ હતું. મંત્રી મનોજભાઇ દેસાઇએ આભાર વ્યક્ત કર્યો હતો.

### તાંતીથૈયામાં કંપનીની ગ્રીલ તોડી રૂ.92 હજારની મતાની ચોરી થતાં ફરિયાદ

પલસાણાઃ પલસાણાના તાંતીથૈયાની સ્વામીનારાયણ ઇન્ડસ્ટ્રિઝ એસ્ટેટમાં ચોરીની એક મોટી ઘટના સામે આવી છે. અહીં પ્લોટ નં.14-એ અને 15-એમાં આવેલી તિરુપતિ માર્કેટિંગ ટ્રેડિંગ નામની કંપનીને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી હતી. ફરિયાદ મુજબ તસ્કરોએ કંપનીની દીવાલ પરની લોખંડની રેલિંગ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને પુરાવા નાશ કરવાના ઈરાદે સીસીટીવી કેમેરાને પણ નુકસાન પહોંચાડ્યું હતું. બગુમરા ગામે રહેતા અને કંપનીના માલિક રામકુમાર મનીરામ જવેલીયાએ આ અંગે કડોદરા GIDC પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ચોરાયેલા માલસામાનમાં આશરે રૂ.60,000ની કિંમતનો 150 મીટર વેલ્ડિંગ મશીનનો કેબલ, રૂ.20,000ની કિંમતના ચાર ગ્રાઇન્ડર મશીન અને રૂ.12,000ની કિંમતનું એક ગેસ કટર સામેલ છે. આમ, અજાણ્યા ઇસમો કુલ રૂ.92,000ની મતા ચોરી કરી ફરાર થઈ ગયા છે. આ ઘટના રવિવાર, 4 જાન્યુઆરીની રાત્રિથી સોમવારે સવારે સમયગાળા દરમિયાન બની હતી.

### તાજપોર પોલિટેક્નિકના કેમિકલ ઇજનેરી વિભાગના વિદ્યાર્થીને GTU સુવર્ણચંદ્રક



બારડોલીઃ ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલા છઠ્ઠા સેમેસ્ટરની વર્ષ-૨૦૨૫ની ઉનાળુ પરીક્ષાના પરિણામમાં ઉત્તીર્ણ થનાર બારડોલીની એન.જી.પટેલ પોલિટેક્નિકના NBA એક્રેડિટેડ કેમિકલ ઇજનેરી વિભાગના વિદ્યાર્થી કેવિન મનસુખભાઈ પટેલે ૯.૫૪ CPI તથા ૯.૮૦ CGPA મેળવી સમગ્ર ગુજરાતમાં ડિપ્લોમા કેમિકલ ઇજનેરીમાં GTU ટોપ ટેનમાં પ્રથમ સ્થાને રહી GTU તરફથી સુવર્ણચંદ્રક મેળવી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. તાજપોર પોલિટેક્નિકના કેમિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટમાંથી GTU સુવર્ણચંદ્રક મેળવનાર કેવિન પટેલ સાતમો સુવર્ણચંદ્રક વિજેતા છે. સંસ્થાના કેમિકલ, કોમ્પ્યુટર, મિકેનિકલ તથા ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગોએ NBA એક્રેડિટેશન પ્રાપ્ત કરેલ છે તથા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના ૧૦૦% પ્લેસમેન્ટની સફળતા મેળવી છે.

### સામોટમાં દારૂ સાથે બે આરોપી ઝડપાયા

ડેડિયાપાડાઃ ડેડિયાપાડા પોલીસ ટીમે મોઝદા આઉટ પોસ્ટ સામોટ, ડોડવા ફળિયામાંથી પેટ્રોલિંગમાં વોચ ગોઠવી બાતમીના આધારે એક બોલેરો ફોર વ્હીલ ગાડી નં.(MH-17-AZ-1610)ને અટકાવી હતી. ગાડીમાં સવાર બે ઇસમ પૈકી ચાલક જિગ્નેશ બામણ્યા વસાવે (ઉં.વ.22) (રહે.,નિંબાપાટી, માથાકુંડપાડા ફળિયું, પોસ્ટ-મોરમ્બા, તા.અક્કલકૂવા, જિ.નંદુરબાર, મહારાષ્ટ્ર) તેમજ વિજય લસમા વસાવે (ઉં.વ.21) (રહે.,કંજાની, ઉમરગવાણ ફળિયું, પો-મોલગી, તા.અક્કલકૂવા) પાસે ગેરકાયદે વિદેશી દારૂ ઝડપાયો હતો. દારૂ કિં.રૂ.1,46,112, મોબાઈલ 2 કિં.રૂ.10,000, બોલેરો કાર કિં.રૂ.4 લાખ કુલ કિં.રૂ.5,56.112નો મુદ્દામાલ ઝડપી દિનેશ માકતીયાભાઈ રાઉત (રહે.,મોગરા)ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### નાંદ ગામે ખેતરમાંથી ખેડૂતનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો

ભરૂચઃ ભરૂચના નાંદમાં આવેલા ખેતરમાંથી ખેડૂત શંકાસ્પદ હાલતમાં મૃત મળી આવ્યો હતો. મૃતદેહ મળ્યાની જાણ થતાં પોલીસે સ્થળ પહોંચીને તલસ્પર્શી તપાસ આદરી હતી. મૃતકને ઝટકા મશીનનો કરંટ લાગ્યો હોવાનો આક્ષેપ પરિવારે કર્યો છે. ભરૂચના નાંદ ગામમાં રહેતા 54 વર્ષીય બુધાભાઈ ચંદુભાઈ વસાવાનો ખેતરમાંથી શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગેની જાણ થતાં જ પરિવારજનો સહિત ગ્રામજનો તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા.પોલીસ વિભાગ પહોચીને મૃતદેહને પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યો હતો. જે બાબતે મૃતક ખેડૂતના પરિજનોએ ઝટકા મશીનથી કરંટ લાગતાં મોત નીપજ્યું હોવાનો આક્ષેપ કર્યો છે. જો કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃતકનું સાચું કારણ માલૂમ પડશે.

## ઝઘડિયાની નાઈટ્રેક્સ કંપની ઝૂકીઃ શ્રમિકોની માંગ સ્વીકારી

**મુખ્ય** માંગણીઓ બાબતે ધરણા કર્યાં હતાં



ભરૂચઃ ઝઘડિયા GIDCની નાઈટ્રેક્સ કેમિકલ કંપનીના ગેટ પર કામદારોના હક્ક માટે ચાલી રહેલા હાઈવોલ્ટેજ ડ્રામાનો અંતે સુખદ અંત આવ્યો છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાની આગેવાનીમાં ચાલી રહેલા આ આંદોલન સામે કંપની પ્રશાસને નમતું જોખ્યું છે.

ધારાસભ્ય અને શ્રમિકોની એકતાના પરિણામે કંપનીએ કામદારોની 11 જેટલી વિવિધ માંગણીનો આખરે સ્વીકાર કર્યો છે, જ્યારે પગારવધારાની માંગણી અંગે આગામી તા.1લી એપ્રિલ મહિનામાં સકારાત્મક નિકાલ કરવાની ખાતરી આપી છે.

આ આંદોલનમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ કડકડતી ઠંડીમાં આખી રાત કંપનીના મુખ્ય ગેટ પર જ શ્રમિકો સાથે જમીન પર રાત વિતાવી હતી.

બીજા દિવસે સવારે તેમની આ લડતને સમર્થન આપવા માટે આસપાસનાં ગામો અને ઉદ્યોગોમાંથી 1000થી 1200 જેટલા લોકોનો વિશાળ જનસમૂહ ઊમટી પડ્યો હતો.

જેના કારણે કંપની મેનેજમેન્ટ પર ભારે દબાણ સર્જાયું હતું. અંતે લાંબા સમયથી લટકતી માંગણીઓ પર મંજૂરીની મહોર મારી હતી. નોંધનીય બાબત એ છે કે, જ્યારે આટલી મોટી સંખ્યામાં સ્થાનિક શ્રમિકો શોષણ સામે લડી રહ્યા હતા, ત્યારે ભરૂચ જિલ્લાની અન્ય કોઈપણ રાજકીય પાર્ટીના અગ્રણીઓએ દેખાયા ન હતા.


હિતેશ પટેલ

## માંડવીમાં થતી ધર્માંતરણ પ્રવૃત્તિઓ રોકવા રેલી

**દેવ** બિરસા સેનાએ માંડવી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું

માંડવીઃ દેવ બિરસા સેના દ્વારા માંડવી પ્રાંત અધિકારીને ગેરકાયદે ચર્ચ નિર્માણ અને ધર્માંતરણ પ્રવૃત્તિઓ રોકવા માટે આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

સુરત જિલ્લા બિરસા સેનાના અધ્યક્ષ ચંપક ચૌધરીના નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના ભાઈઓ, બહેનો અને યુવાનો જોડાયાં હતાં. નગરપાલિકા ગ્રાઉન્ડ પરથી રેલી કાઢીને પ્રાંત અધિકારી કચેરીએ પહોંચી આવેદનપત્ર સુપરત કરાયું હતું. આવેદનપત્રમાં જણાવાયું હતું કે, આદિવાસી સમાજ તેમના પૂર્વજોની પરંપરા મુજબ દેવોની પૂજા કરે છે.

જો કે, આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તી ધર્મમાં વટલાયેલા લોકો દ્વારા ખુલ્લેઆમ ગેરકાયદે ધર્માંતરણની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. દેવ બિરસા સેનાએ માંગ કરી છે કે, ખ્રિસ્તી મિશનરી સંસ્થાઓ દ્વારા વિવિધ જમીનો પર બનાવવામાં આવેલા ચર્ચની જમીનની માલિકીની તપાસ કરવામાં આવે અને તેમના પર કાર્યવાહી કરવામાં આવે.

ઉપરાંત, ધર્માંતરણની પ્રવૃત્તિઓ તાત્કાલિક બંધ કરાવવામાં આવે તેવી માંગ કરી હતી. આ પ્રસંગે દેવ બિરસા સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ અરવિંદ વસાવા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ફૂલવાડી ગામમાં શોપિંગ સેન્ટર પર દબાણ મુદ્દે વેપારીઓમાં રોષ

**કુકરમુંડા** તાલુકા મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત



કુકરમુંડા : કુકરમુંડાના ફૂલવાડી ગ્રામ પંચાયત વિસ્તાર હેઠળ આવેલા શોપિંગ સેન્ટરની જમીન ઉપર ગેરકાયદે દબાણ કરવામાં આવી રહ્યું હોવાના આક્ષેપો સાથે સ્થાનિક વેપારીઓ અને રોજગાર આધારિત લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ બાબતે સંબંધિત સત્તાધીશો દ્વારા તા.8/12/2025 તથા તા.29/12/2025ના રોજ નોટિસ આપવામાં આવી હોવા છતાં હજી સુધી સ્પષ્ટ નિર્ણય લેવામાં આવ્યો નથી. તા.8/12/2025ની નોટિસ મુજબ પંચાયત હસ્તકની જમીન ઉપર બિનઅધિકૃત દબાણ બાબતે કાર્યવાહી દર્શાવવામાં આવી હતી. જ્યારે તા.29/12/2025ની નોટિસમાં આ જમીન સરકારી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેના કારણે જમીન પંચાયતની છે કે મહેસૂલ વિભાગની તે મુદ્દે ગૂંચવણ સર્જાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લાં પચાસ વર્ષથી વધુ સમયથી આ શોપિંગ સેન્ટર વિસ્તારમાં સ્થાનિક લોકો વેપાર-ધંધા કરીને પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. જો અચાનક દબાણ હટાવવાની કાર્યવાહી કરવામાં આવશે તો અનેક પરિવારોનો રોજગાર છીનવાઈ જવાની ભીતિ છે. વેપારીઓનું કહેવું છે કે, તેઓ પંચાયતને જરૂરી પ્રીમિયમ ભરવા તૈયાર છે તેમજ નિયમ મુજબ કાર્યવાહી કરવા સહકાર આપશે. તેમ છતાં જો યોગ્ય નિર્ણય નહીં લેવાય તો લોકશાહી રીતે આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. આ મામલે સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરીને સ્પષ્ટ નિર્ણય લે. જેથી વર્ષોથી ચાલતા વેપાર-રોજગારને નુકસાન ન થાય તેવી માંગ ઊઠી છે.

### અંકલેશ્વરમાં મોબાઈલ ચોરીના ગુનામાં ત્રણ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેર "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મોબાઈલ ચોરીના ગુનામાં ત્રણ વર્ષથી ફરાર આરોપીને ભરૂચ એસ.ઓ.જી. પોલીસે સુરત ગ્રામ્ય ખાતેથી ઝડપી પાડ્યો હતો. એસ.ઓ.જી.એ યાસીન અઝીઝ શેખ (રહે.,દાદરી ફળિયું, તલસાડી, કોસંબા, તા.માંગરોળ) કોસંબા ઝંડા ચોક ખાતે હાજર હોવાનું જાણવા મળ્યું હતું. આ બાતમીને આધારે પોલીસે આરોપીની અટકાયત કરી હતી.


Milano MULTIPLEX
બારડોલી
Ikkis
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Bicharo Bachelor-Gujarati
06:30pm
Avatar: Fire And Ash
10:30am, 09:30pm
Dhurandhar
12:00pm, 02:30pm, 05:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333